## સલામી સવારની..



**સુપ્રભાતમ્**
સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

*(રજત જયંતી વર્ષ)*

*હે રોજ રસિયા ! પ્રેમમાં થોડી હૃદય રાખો!*
*પારદર્શી દિલે 'ચાહ'ની ચોકલેટ ચાખો!*
*જલાવો ન હૈયાં વહેમની મીણબત્તીથી -*
*રાખો નિર્મળ સ્વભાવ પ્રેમનાં ફળ ચાખો !*

**હાઈકુ**

*'નિખાલસતાં.'*
*- છોડો છળકપટ -*
*ને પામો પ્રેમ...*

*દેખાય ત્રુટી -*
*યુવાનોની પ્રવૃતિ -*
*ભમરવૃતિ...!?*

### ચિંતન

**અકિંચનસ્ય દાન્તસ્ય શાન્તસ્ય સમચેતસઃ ।**
**સદા સંતુષ્ટમનસઃ સર્વાઃ સુખમયા દિશઃ ॥**

ઉપરોક્ત શ્લોક ડીવાઈન સંસ્કૃત સુભાષિતમાંથી લેવામાં આવેલ છે. જેમની પાસે કાંઈ ધન નથી છતાં જેમણે ઈન્દ્રિયોનું દમન કર્યુ છે, જે શાંત છે, જેમનું ચિત્ત સમાન છે તેમજ જેમનું મન સદા સંતુષ્ટ છે તેમને માટે બધી દિશાઓ સુખમય બને છે. શ્રીરામની ભક્તિ માટે વૈરાગ્યને અતિ આવશ્યક જણાવવામાં આવ્યો છે. તેમાં પણ સાધુ માટે તો પૂર્ણ ત્યાગની આવશ્યકતા છે.

એવું કહેવાય છે કે સાધુ બન્યા પછી એક વખત ગોસ્વામીજીને તેમના પત્ની મળ્યાં. પત્નીએ તેમના ખડિયામાં સફેદ ગોપીચંદન અને કપૂર જોઈને કહ્યું, 'હે, સ્વામી !! જો આપ આપના ખડિયામાં કપૂર અને ગોપીચંદન રાખી શકો છો તો પછી પત્નીનો ત્યાગ (જરા પણ) ઉચીત નથી. માટે મને પણ આ ખડિયામાં રાખો અથવા વિશુદ્ધ જ્ઞાન અને વૈરાગ્ય ને ધારણ કરો.'

### સુવિચાર

- ખાતું, હિસાબ કે નામું ન હોય, નિમણૂંક કે રાજીનામું ન હોય, એ તો વિલસે છે આત્મામાં, હૂંફનું સ્થૂળ સરનામું ન હોય - **મદનકુમાર અંજારિયા**
- मैं खड़ा हूं परबतों के सामने.. देखना यह है कि झुकता कौन है? - **मिलिन्द गढवी**
- અભિલાષાને શાંત કરવાથી નહીં, પણ તેને મર્યાદિત કરવાથી જ શાંતિ મળે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- ઘરનું ફળિયું અને માણસનું મન ચોખ્ખાં જ હોવા જોઈએ, તો જ કોઈક ને આવવાનું અને બે ઘડી ઠરવાનું મન થાય... - **મોરારિ બાપુ**
- મન આપનું છે, આપની મરજીની વાત છે, કંચનની જેમ રાખો કે રાખો કથીર જેમ! - **અમૃત ઘાયલ**
- સંબંધો બે પ્રકારના હોય, એક : હૈયું ખોલનારા, બીજા : આંખ ખોલનારા.... - **જીવન પાથેય**
- આજનું ઔષધ : કાચા પપૈયા કાપવાથી જે દૂધ જેવું પ્રવાહી નીકળે તે ખીલ ઉપર સાત દિવસ લગાડવાથી ખીલ મટે છે **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

ઝેન ગુરુ પાસે એક માણસ આવ્યો અને કહ્યું, 'હું આપની પાસે સત્યને સમજવા આવ્યો છું ? આપ મને કંઈક જાણકારી આપો.' ઝેન ગુરુએ કહ્યું, 'ભાઈ, તું થાકેલો જણાય છે, થોડીવાર આરામ કર ત્યાં સુધી હું તારા માટે ચા બનાવી લાવું. અત્યારે તારા માટે સત્ય કરતાં ચા વધારે મહત્વની છે.' માણસને નવાઈ લાગી કે સત્ય કરતાં ચા વધારે મહત્વની ?? ગુરુ ચા બનાવીને આવ્યા અને પેલાને કપ-રકાબી આપ્યા અને કીટલીમાંથી એમાં ચા રેડવા લાગ્યા. કપ ભરાઈ ગયો. છતાં ચા રેડવાનું ચાલું રાખ્યું. પેલા માણસે કહ્યું, 'બસ, કરો મારો કપ છલકાઈ ગયો છે. હવે એમાં વધુ ચા નહીં સમાય.' ઝેન ગુરુએ કહ્યું, 'ભાઈ, તને કપ છલકાયાની ખબર પડે છે તો તારા મનની ખબર નથી પડતી? હું જોઈ શકું છું કે તારું મન જાતજાતના તર્ક-વિતર્ક અને ગ્રંથીઓથી છલોછલ ભરેલું છે અને એમાં તું સત્યનો પ્રવેશ ઝંખે છે? સત્યને આમંત્રણ આપતાં પહેલાં તારે તારા મનમાં સત્ય માટે જગ્યા ખાલી કરવી પડશે?' પેલા માણસને ગુરુની વાત સમજાઈ ગઈ. જયારે તમારા મગજ પર વિચારોની ધૂળના થર બાઝેલા પડ્યા છે તો તમે ઝાડ પર બેઠેલી કોયલ નો ટહુકો માણી નહીં શકો કારણ કે તમે પહેલેથી જ જાતજાતના વિચારોથી ઘેરાયેલા છો. ટહુકો એમાં પ્રવેશી જ નહીં શકે.

# અમીચંદોથી રાજનીતિ લાંબી નહીં ચાલે

**તંત્રીસ્થાનેથી...**

બંગાળથી જ અંગ્રેજ શાસન શરૂ થયું હતું. ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ સિરાજ-ઉદ્-દૌલાને પ્લાસીના યુદ્ધમાં હરાવીને એના શ્રીગણેશ કર્યા હતા. અમીચંદ અને મીરજાફર જેવા નવાબના અંગત માણસો ફૂટી જતાં નવાબ ફસાઈ ગયો હતો. લોકશાહીમાં પણ રાજાશાહીના એ કાવાદાવા અકબંધ રહ્યા છે. રાજાશાહી ગઈ પણ રાજકારણ અકબંધ રહ્યું છે બલ્કે વકર્યું છે. યેનકેન પ્રકારેણ સત્તા સુધી પહોંચી જવું અને પછી એ સત્તા પર ટકી રહેવું એ જ આજની લોકશાહીનું હાર્દ બની ગયું છે. ભારતીય જનતા પાર્ટીએ રીતસરનું રાજકીય 'સફાઈ મિશન' શરૂ કર્યુ છે - જેમાં કોંગ્રેસ અને પ્રાદેશિક પરિબળોને નામશેષ કરી આખા દેશમાં એકચક્રી કેસરિયું શાસન પ્રસ્થાપિત કરવાનો એક મુદ્દાનો કાર્યક્રમ હાથ ધરાયેલ છે. આખા પ્રોજેક્ટના સૂત્રધાર વડાપ્રધાન નરેન્દ્ર મોદી છે એમના દૂત તરીકે ગૃહમંત્રી અમિત શાહ એ કાર્યક્રમના સફળ અમલીકરણની જવાબદારી સંભાળી રહ્યા છે. પશ્ચિમ બંગાળ અત્યારે એમની સર્વોચ્ચ પ્રાથમિકતા છે. કોંગ્રેસના ઘણા બધા ફાસફુસિયા આગેવાનોની ભાજપમાં ભરતી કર્યા પછી પશ્ચિમ બંગાળની વિધાનસભાની ચૂંટણી પૂર્વે ભારતીય જનતા પાર્ટી વર્તમાન મુખ્યમંત્રી મમતા બેનરજીને નવરાં કરી દેવા કૃતસંકલ્પ છે. આ સંકલ્પ પશ્ચિમ બંગાળની વારંવાર મુલાકાતે જતા રહેતા અમિત શાહે છેલ્લી રેલી દરમિયાન વ્યક્ત પણ કર્યો હતો. દીદીને માલુમ થાય કહેતું ત્યાં સુધી પશ્ચિમ બંગાળની મુલાકાતે આવતો રહીશ જ્યાં સુધી તમે ચૂંટણીમાં હારી જઈ ઘર ભેગાં ના થઈ જાવ. આવા દૃઢ સંકલ્પ સાથે મમતા બેનરજીનું રજવાડું જીતવા મેદાને પડેલી પાર્ટીએ એમના અનેક સાગરીતોને ભાજપનો ખેસ પહેરાવી દીધો છે. શરૂઆત મમતા બેનરજીના સૌથી વફાદાર સાથી ગણાતા સાંસદ મુકુલ રાયથી થઈ હતી અને છેલ્લે હમણાં રાજ્યસભામાં તૃણમૂલ કોંગ્રેસના પ્રતિનિધિ પૂર્વ રેલવેમંત્રી દિનેશ ત્રિવેદીએ રાજીનામું પડ્યું છે. હજી ઘણા ધારાસભ્યો ટોપીએ ભાજપમાં પ્રવેશવા માટેની લીલી ઝંડીની રાહ જોઈ રહ્યા છે. ચૂંટણી પહેલાં જ દીદીને સત્તા છોડવી પડે એવી વ્યૂહરચનાની સાથે ભાજપનું મોડવીમંડળ આગળ વધી રહ્યું છે. ગુજરાત અને મધ્યપ્રદેશ જેવાં રાજ્યોમાં ભાજપ 'કોંગ્રેસયુક્ત' પાર્ટી બની ચૂકી છે એમ પશ્ચિમ બંગાળમાં એ 'તૃણમૂલ યુક્ત' બની ગઈ છે. ભાજપને એનો કશો છોછ પણ નથી. ભાજપના રાષ્ટ્રીય મહામંત્રી કૈલાશ વિજયવર્ગીય અને પશ્ચિમ બંગાળની વિશેષ જવાબદારી સંભાળી રહેલા ગૃહમંત્રી અમિત શાહે તૃણમૂલ છોડીને આવનાર માટે લાલ જાજમ પાથરી રાખી છે. દિનેશ ત્રિવેદી મૂળે કચ્છી માડુ છે પણ એમનું કાર્યક્ષેત્ર પશ્ચિમ બંગાળ રહ્યું છે. એમની કાર્યદક્ષતા વિશે ઊંચો અભિપ્રાય ધરાવતા વડાપ્રધાન એમને ભાજપમાં એમની શરતે સામેલ કરવા તૈયાર હોય એમ લાગે છે. દિનેશ ત્રિવેદી 'જિસ કેતક મેં લડ્ડુ ઉસકેતક મેં હમ' વાળી રાજનીતિના માહેર ખેલાડી છે. હાર્દિક પટેલ ધરણાં પર બેઠા હતા ત્યારે દીદીની રાખડી લઈને આવેલા રાજદૂતને હવે પશ્ચિમ બંગાળમાં ચાલી રહેલ હિંસા ખમાતી નથી. પાર્ટીમાં એમનો અવાજ સંભળાતો નથી એ ગૂંગળામણ અનુભવી રહ્યા છે. દીદીના એમના પર અગણિત ઉપકાર છે, પંતુ હવે દીદીનું ભવિષ્ય એમને ધૂંધળું લાગી રહ્યું હોય તે બનવાજોગ છે. તૃણમૂલ કોંગ્રેસમાં પડી રહીને રાજ્યસભાના સદસ્ય બની રહેવા કરતાં મોદી-શાહની ગુજરાતી બેલડી સાથે બેસી કેબિનેટ મંત્રી બનવાની તક કેમ ના ઝડપી લેવી? કહેવાય છે કે અગાઉ ગુજરાતમાંથી રાજ્યસભાના સભ્ય તરીકે ચૂંટાયેલા દિનેશ ત્રિવેદી વર્ષો પછી ફરી એકવાર ગુજરાતમાંથી રાજ્યસભામાં જઈ શકે છે. રાજકારણમાં કશું જ અશક્ય કે નવાઈ પામવા જેવું નથી હોતું. કોઈ કાયમી દોસ્ત નથી હોતું એમ કોઈ કાયમી દુશ્મન પણ નથી હોતું. ભારતીય જનતા પાર્ટીએ નહેરુ-ગાંધી પરિવારનાં જ મેનકા ગાંધી અને વરુણ ગાંધીને પોતાની પાર્ટીમાં લઈ સાંસદ બનાવેલા છે. (મેનકા ગાંધીના પતિ સંજય ગાંધી ઈંદિરા ગાંધીના અસલ વારસદાર હતા તે કોણ નથી જાણતું?) 'વર મરો, કન્યા મરો પણ ગોરનું તરભાણું ભરો' વાળી રાજનીતિ અંતે તો પાપના ઘડાની જેમ ફૂટીને જ રહેતી હોય છે. ડૂબતું વહાણ છોડીને કૂદી પડેલા ઉંદરડાઓ જેવા અમીચંદોના ભારથી ભાજપનું વહાણ પણ હાલકડોલક નહીં થાય એની કોઈ ખાતરી ખરી? બેવફાઈ કરીને પોતાના નેતાને દગો દેનાર નવા નેતાને વફાદાર જ રહેશે એ વાતમાં માલ નથી.

# પ્રેમ આરપારના બદલે બારોબાર નીકળી જાય!



**આરપાર**
રાઘવજી માધડ

એક વ્હોટ્સએપ મેસેજ ફરતા હતા:આ વેલેન્ટાઈન અને ક્વોરોન્ટાઈ એ બંને સગાં ભાઈ-બહેન લાગે છે.એકને ચૌદ ફેબ્રુઆરી અને બીજાને ચૌદ દિવસ સાથે સંબંધ છે ! પણ આપણે સમજીએ છીએ,આ હકીકત સાચી નથી.ક્વોરોન્ટાઈને માનવજાતને અસ્ત-વ્યસ્ત કરી દીધી.તેને સંત વેલેન્ટાઈન સાથે સરખાવી ન શકાય. પણ આ વ્હોટ્સએપ યુનિવર્સિટીમાં ઉપજેલી એક રમૂજી પેદાશ છે. તેની માત્ર મઝા લેવાની હોય !

આપણે ત્યાં અનેક પ્રકારના 'ડેઝઉજવવાનો સીલસીલો શરુ થયો છે.તેમાં મધર્સ ને ફાધર્સ ડે પણ આવે છે.આ દિવસે જ મા-બાપને યાદ કરવાના ? ભાઈ,યાદતો તેને કરવા પડે જેને ભૂલી ગયા હોઈએ ! પણ જે રાત-દિવસ હૃદયમાં રમતાં અને મનમાં ભમતા હોય તેને યાદ કરવાનો પ્રશ્ન જ પેદા થતો નથી.

મૂળતો આ વેલેન્ટાઈન ડે એટલે સંવેદનાને સોહાર્દપૂર્વક રજુ કે અભિવ્યક્ત કરવાનો સોહામણો દિવસ.ભારત સાથે વિશ્વના વિવિધ દેશોમાં વિરોધના વંટોળ વચ્ચે આ ડે વિસ્તરતો જાય છે.આ નિમિતે તમે તમારા ગમતાં પાત્રને ગુલાબનું ફૂલ આપી પ્રપોઝ કરી શકો.હા,છટકી ને લટકી ગયેલો સવાલ છે : આ એક જ દિવસ પ્રેમપ્રસ્તાવનો હોયતો બાકીના દિવસોમાં શું ? પણ નફરત જાહેરમાં રજુ કરી શકાય છે, એમ પ્રેમ છડેચોક થઈ શકતો નથી.આજે સોશ્યલ મીડિયાએ પ્રેમની પ્રસ્તુતિને સાવ સરળ,સસ્તી ને પસ્તી જેવી બનાવી દીધી છે.વ્હોટ્સ પર મેસેજ કરી દેવાના-તું મને બહુ ગમે છે...સામે મનઈચ્છિત પ્રતિભાવ મળેતો ઠીક,નહિતર 'સોરીહ્ન અથવા ભૂલથી તમને મોકલાઈ ગયું આવું કહી સરળતાથી છટકી જવાનું. આવું કરનાર ખરેખર સભાન હોય છે-લાગે તો તીર નહિતર તુક્કો ! પણ મૌનથી ચાલે ત્યાં ગર્જના નકામી છે !

કોઈ વ્યક્તિ એવી નહીં હોય જેને જીવનમાં કોઈ એવું પાત્ર ગમ્યું ન હોય...પણ, તું મને ગમે છે એવું કહેવા જીભ જ ઉપડે નહી,વિચારણામાં આખો જન્મારો ચાલ્યો જાય.આપણે ત્યાં મળ્યું તેને ગમતું કરી લેવાની સામાજિક પરંપરા જૂની અને ઊંડી છે.પણ ભૂંડી છે એવું નહીં કહી શકાય.અને ગમે એ પાત્ર મળે જ એવો કોઈ કયાંય લેખિત કરાર,દસ્તાવેજ થયો નથી.જીવનમાં ઘણું ચલાવી પડતું હોય છે.પ્રેમની અભિ વ્યક્તિ માટે વાચા કે શબ્દો હોતા નથી.જે કહ્યું તે શબ્દો હોય અને ન કહ્યું તે પ્રેમ ! પ્રેમપદારથ અનુભૂતિનું તત્વ છે.જે મીરાં પામી શકી હતી.પ્રેમમાં હોવું એ જગતની એક અદભુત ભાવસ્થિતિ છે. પ્રેમમાં નજર સાથે વ્યક્તિ પણ બદલાઈ જાય અને પછીતો તેને સઘળું સારું ને પ્યારું લાગે. અમુતા પ્રીતમ કહે છે:પ્યારમાં પડવાનું ન હોય પણ ઊભા થવાનું,આગળ વધવાનું હોય ! અને વ્યક્તિના જીવનમાં વેલેન્ટાઈન એક જ વાર આવે, વારંવાર નહીં. અને આવેતો કદાચ તે કોરોના થયાનું ક્વોરોન્ટાઈ હોય શકે !

એક સાહિત્યિક કૃત્તિમાં પ્રેમિકા કહે છે:હું તારા મનમંદીરના ઘુમ્મટમાં ઉજાસ માફક પ્રસરી કે પથ રાઈ જવા માગું છું. તો સામે પ્રેમી કહે છે:હું વરસાદની માફક તારી રાહ જોઈએ...કોઈ માંગણી નહી, વાયદો કે એકરાર નહીં.જે છે,જે લાગી આવ્યું છેતે શબ્દમાં ગુંથી કોઈ બડાશ કે કડવાશ વગર હળવાશથી રજુ કર્યું. આ છે,ઉત્કૃષ્ઠ પ્રેમની લાગણીથી તરબતર થતી અજોડ,અભિન્ન અભિવ્યક્તિ.પ્રેમ પ્રાર્થનાનું એક સ્વરૂપ છે.

આ પ્રેમને તેના કોઈ પાસવર્ડ વગર ખુલ્લા મનથી ને ભર્યા દિલથી અભિવ્યક્ત કરવાનો આ ખાસ દિવસ છે.ગમતી પ્રવુત્તિ કરવાના વ્યક્તિના અધિકારને કહેવાતી સંસ્કૃત્તિના નામે વિરોધ ન હોઈ શકે. પણ અભિવ્યક્ત કરવા માટેનું પાત્ર યોગ્ય છે કે કેમ..? તેની ખાતરી કરવી અનિવાર્ય છે. ક્યારેક એવું બને નળ ચાલુ હોય,પાણી આવતું હોય છતાંય નીચેનું પાત્ર ભરાયા વગર ખાલી જ રહે.તેમાં કોઈનો દોષ હોતો નથી પણ પાત્ર કાણું કે તૂટેલું હોય જેથી તમારી અભિવ્યક્તિ આરપારના બદલે બારોબાર નીકળી જાય !

**છેલ્લે :**

***'લોકો કહે છે,પ્રેમ આંધળો હોય છે. પણ હું કહું છું પ્રેમને જ આંખો હોય છે.બાકીનું બધું આંધળું હોય છે.***
***- ઓશો.***

# જાગો, જાગો, ગાંધીનગર શહેરને થઈ રહ્યું છે ગંદકીનું કેન્સર



**મોરપીંછના રંગ**
ડો. કનૈયાલાલ ભટ્ટ

ગાંધીનગર આજે ગુજરાતનું એકમાત્ર યુવાન, મસ્ત, લીલુછમ, સ્વચ્છ અને રળિયામણું શહેર છે. અહીંના વિશાળ રસ્તાઓ, વૃક્ષો, પંખીઓ, ખુલ્લું આકાશ અને લાઈટ – પાણીની વ્યવસ્થા, અહીંનું શિક્ષણ અને રાજનીતિનું કેન્દ્રબિંદુ આ શહેરનું ગૌરવ છે. ભલે અહીંની પોતિકી કોઈ સંસ્કૃતિ ના હોય પરંતુ હવે અહીં જન્મેલી એક આખી પેઢી તૈયાર થઈ ગઈ છે. તેથી રાજનીતિના અખાડાની છાપમાંથી આ શહેર હવે સાંસ્કૃતિક અને સાહિત્યિક શહેર તરીકે પણ ખ્યાત થઈ રહ્યું છે. પરંતુ આ શહેરની એક બહું જ ચિંતાજનક બાબત છે જેના પ્રત્યે કદાચ કોઈનું ધ્યાન નથી ગયું અથવા ગયું છે સૌ કોઈએ આંખ આડા કાન કર્યા છે, સત્તાધીશોએ ખાસ આ બાબતે વિચારવા જેવું છે. આ શહેરમાં વિસ્થાપિતોની સંખ્યા ખુબ જ વધતી જાય છે. આ શહેરમાં એવી પ્રજા પણ માઈગ્રેન થઈને આવી રહી છે જેની પાસે રહેવા માટે કોઈ ઘર નથી કે નથી કોઈ કામધંધો, અને ગાંધીનગરમાં સ્થાયી થઈ રહ્યા છે, આવા લોકો ગાંધીનગરની અંદરના દરેક સર્કલની આજુબાજુના ચાર રસ્તા પડે છે તેની બન્ને કિનાર પર ઝૂંપડા બાંધીને રહે છે, ક્યાંક ક્યાંક તો એક રોડથી બીજા રોડ સુધી આખી લાઈન છેક સુધી આ વસાહતો સ્થાપિત થઈ ગઈ છે. આજે શરુંમાં તેઓ પ્લાસ્ટીક કે છણિયાના ઝૂંપડા બાંધીને રહે છે. થોડા સમય પછી શક્ય છે કે ઈંટોની દિવાલ બનાવશે અને આ સંખ્યા વધતી જશે પછી તેમને રોકવા કઠિન બનશે. આજે આવા વિસ્થાપિતોની સંખ્યા દરેક સેકટરોના રસ્તાઓ ઉપર હજારોની થઈ રહી છે. આ લોકો પાસે કોઈ બાથરૂમ કે શૌચાલય નથી તેથી જ્યા રહે છે ત્યાં જ બાજુની જગ્યા પર કપડા બાંધીને આડશ ઊભી કરીને બાથરૂમ બનાવી દેવામાં આવ્યા છે અને ત્યા જ શૌચ કરે છે. અથવા રાત્રે ખુલ્લામાં કરે છે. જે ગંદકી આજુબાજુના ઘરોમાં ને સેકટરોમાં ફેલાય છે. રોજ સવારે ને સાંજે રસ્તાઓની બાજુમાં બનાવેલા ચાલવા માટેના રસ્તાઓ પર ચાલતા નાગરિકોને દરરોજ આ ગંદકીનો અનુભવ થાય છે. પરંતુ કોઈ બોલવાની હિંમત કરતું નથી. વળી અહીં ખુલ્લામાં કરેલા શૌચને કારણે આજુબાજુના વિસ્તારોમાં મચ્છરો પણ ફેલાય છે. વાતાવરણ બગાડે છે. જેને કારણે આજે નહીં તો આવનારા સમયમાં ગાંધીનગરમાં કરોડોની સંખ્યામાં મચ્છરોનો ત્રાસ હશે, રોગચાળો પણ ફેલાઈ શકે છે. બીજી વિચારવા જેવી વાત એ છે કે આ વિસ્થાપિતો – માઈગ્રેન થઈને અહીં આવેલા છે અને મજુરી કામ કરીને પોતાનું પેટિયું રળતા લોકો કે અન્ય આમની સાથે રહેતા અસહાય લોકો બધા સારા છે એવું માની લઈએ, પણ બધાય સારા નથી હોતા. પરિણામે આજે ગાંધીનગરમાં ધોળેદહાડે ચોરીઓના કિસ્સા બની રહ્યા છે. ચેન સ્કેચિંગ થાય છે, એકલવાયા પેસેન્જરને રિક્ષામાં બેસાડી લૂંટી લેવામાં આવે છે. આ બધુ કાંઈ ગાંધીનગરમાં વસતા કર્મચારીઓ કે અધિકારીઓ કે નેતાઓ કે એમના છોકરાઓ તો કરવાના નથી. તો પછી આવી બધી ઘટનાના જવાબદાર કોણ ? એ પ્રશ્ન વિચારણીય છે. આ વિસ્થાપિતોની વસ્તીમાંની સ્ત્રીઓ મોટેભાગે આજુબાજુના ઘરોમાં ઘરકામ કરીને પણ પોતાનું ગુજરાન ચલાવે છે. પરંતુ આ બધા પુરુષો, યુવાનોનું શું ? કે જેમની પાસે કોઈ કામ ધંધો નથી. મજુરીએ જતા નથી. શિક્ષણ લીધું નથી. અને ઉપરથી મોબાઈલ – ઈન્ટરનેટની લત. વ્યસનો અને મફતમાં મેળવવાની લતને કારણે ક્યાંક ક્યાંક ચોરી કે નાની મોટી લૂંટ પણ કરી લેતા હોય છે. આ બધી વસાહતોની એક આખી નવી દુનિયા છે. તેઓ સૌ જુદા જુદા સેકટરોના રસ્તાઓ પર વસતા લોકોના સંપર્કમાં હોય છે. આ લોકો બાહ્ય રીતે એટલા સરળ, સજ્જન અને ગરીબ હોવાનો અભિનય સારી રીતે કરી જાણે છે. પરિણામે આપણામાં દયાભાવ જાગતા ઘરકામ માટે રાખીએ છીએ. આપણા ઘરની રજેરજ માહિતી આવા લોકો દ્વારા બીજા દૂરના સેકટરોમાં વસતા એમના સાગીર્દો – ઘરફોડિયા સુધી પંહોચી જતી પણ હોય. અને પછી આપણે અખબારોમાં ચોરીઓના સમાચારો છપાય છે ત્યારે જાણીએ છીએ કે ફલાણા સેકટરમાંથી એક સાથે બે ઘરોમાં ધોળેદહાડે ચોરી. આમાં આખી ટીમ કામ કરતી હોવી જોઈએ. તો જ આવી ચોરીના ભેદ આજ સુધી વણઉકેલ્યા રહે છે.

આવા લોકો પાસે પાણી, લાઈટ કે અન્ય સગવડ નહીં હોવાને કારણે દિવસોના દિવસો સુધી નહાવાનું મળતું નથી. કપડા ધોવાતા નથી. પરિણામે એમને તથા એમના બાળકોને પણ રોગચાળો થવાનો ભય રહે છે. વળી બે ટાઈમ જમવાનું બનાવવા માટે માટીના ચૂલા બનાવીને ત્યાં જ બપોરે ને રાત્રે રોટલા – શાક બનાવતા નજરે ચડે છે. હવે ઘર કે આધારકાર્ડ કે ચૂંટણીકાર્ડ કે અન્ય કોઈ ઓળખકાર્ડ નહી હોવાને કારણે એમને ગેસ કે કેરોસીન તો મળવાનું નથી. તેથી રસોઈ લાકડા બાળીને કરવી પડે છે જે સાવ મફતમાં મળે છે અને આ લાકડાના ટૂકડાઓ આજુબાજુના વૃક્ષો પરથી જ કાપીને ભેગા કરવામાં આવી રહ્યા છે. પરિણામે ગાંધીનગરના અસંખ્ય વૃક્ષો આજે નહીં તો આવતીકાલે નામશેષ થઈ જઈ શકે છે. આ પણ એક ગંભીર પ્રશ્ન છે.

આ વસાહતો હવે ધીમે ધીમે સેકટરોની અંદરની ખુલ્લી જગ્યાઓમાં પોતાના ઝૂંપડા કે ડેરા નાખીને સ્થાપિત થઈ રહી છે. કેટલીક જગ્યાએ તો દરેક સેકટરોમાં જે પાર્ટી પ્લોટો, પાર્કિંગ પ્લોટો કે ભવિષ્યમાં માર્કેટ બનાવવા માટે રાખેલી ખુલ્લી જગ્યાઓમાં પણ આવા ઝૂંપડાઓ બંધાવા લાગ્યા છે. તો વળી સરકારે દરેક સેકટર અને રોડ વચ્ચેની જમીનોની જાળવણી માટે કરેલી લોખંડની ઝાળીમાં પણ આવા ઝૂંપડાઓ બંધાવા લાગ્યા છે. આ વિસ્થાપિત વસવાટની ક્રિયા જો આમ જ બિન રોક ટોક ચાલ્યા કરશે તો આવતા પાંચ દસ વર્ષમાં જ ગાંધીનગરમાં આવા લોકોની સંખ્યા લાખોની હશે. અને પછી તેમના સંગઠનો થતા તેઓને ત્યાંથી હટાવવા અશક્ય બનશે. માટે આ બાબતે ગાંધીનગર પાલિકાના સતાધિશો તથા ગુજરાત સરકારે સંયૂક્ત રીતે મળીને પરિણામલક્ષી વિચારણા કરવી જોઈએ. આવા લોકોને સરકારે એક વખત તો પાકા મકાન બનાવીને આપ્યા. પણ આમ છતાંય વર્ષોથી રહેતા મોટાભાગના વિસ્થાપિતોએ પોતાની એ જુની જગ્યાનો કબજો છોડ્યો નથી.

સરકાર એક બાજુ સ્વચ્છતા અભિયાન ચલાવે છે. ગાંધીનગરને સ્માર્ટ સિટીનો દરજ્જો આપવા ઈચ્છે છે, બીજી બાજુ રાજ્યના પાટનગરમાં જ આ ગંદકી વધતી જાય છે. તો કેવી રીતે આ શહેર સ્માર્ટ, સ્વચ્છ અને રળિયામણું બની શકશે ? આ શહેરમાં ઘણા સામાજિક કાર્યકરો – સંસ્થાઓ, વ્યક્તિઓ આવા ગરીબ લોકોને, વિસ્થાપિતોને અવાર નવાર જમવાનું, જીવન જરૂરિયાતની વસ્તુઓ, પહેરવા – ઓઢવાનું તથા અન્ય ચીજવસ્તુઓ આપીને તેઓને સહાયભૂત થાય છે તે સારી વાત છે. માનવતાની મહેક આ શહેરમાં પ્રસરવી જ જોઈએ. પણ તેઓના રહેઠાણની સમસ્યા આ શહેરને ગંદુ બનાવી રહી છે. મહાત્મા મંદિરની પાછળ તો આખી વસાહત કાયમી ધોરણે સ્થિરતા ધારણ કરી રહી છે. તો વળી દરેક સેકટરોમાં બનાવેલા મંદિરો અને શોપીંગ સેન્ટરો આજુબાજુ પણ આવા લોકો પોતાના ડેરા તાણી રહ્યા છે.

ગાંધીનગર એક સમયે વિશ્વનું સૌથી વધુ વૃક્ષો ધરાવતું હરિયાળું શહેર ગણાતું હતું તેમ વિશ્વનું એકમાત્ર ઝૂંપડા વિનાનું શહેર ના બની શકે ? હજી સત્તા અને સરકાર પાસે સમય છે થોડા વર્ષો પછી આ બાબત આપણા સૌનો માથાનો દુ:ખાવો અને વર્ગવિગ્રહ બનશે એવું પણ માની શકાય. આના ઉકેલરૂપે આ બધાના ઓળખપત્ર અને વિગતો લઈને શહેરના ત્રીસ સેકટરો બહારની કોઈ જગ્યામાં એક એક રૂમના મકાનો બાંધી નજીવી રકમ લઈ આપવા જોઈએ અને હવે પછી બહારથી કોઈપણ વિસ્થાપિતો ગાંધીનગરમાં ના પ્રવેશે એનું ધ્યાન રાખવું જોઈએ. જેમની પાસે રહેવાની સગવડ છે. એવા લોકો જ આ શહેરમાં હોવા જોઈએ. એક તરફ સરકારની મંજુરી વિના ઠેર ઠેર સેકટરોમાં વધતા જતા પાન મસાલાના ગલ્લાઓ, ખાણી પીણીની લારીઓ, કેબિનો, ઘરમાં ચાલતા પાર્લરો, દુકાનો, દવાખાનાઓ અને ક્લાસિસો આ બધાની સમસ્યા કરતા આ વિસ્થાપિતોની સમસ્યા પ્રત્યે ધ્યાન આપવાની ખાસ જરૂર છે કેમ કે આ ગંદકી જો શહેરની નશે નશમાં ફેલાઈ જશે તો એક દિવસ એને કેન્સર થતા કોઈ નહીં રોકી શકે.

# પ્રેમ એટલે ?!



**રજળપાટ**
અજય ઉપાધ્યાય

'પ્રેમ એટલે કે સાવ ખુલ્લી આંખોથી થતો મળવાનો વાયદો સ્વપ્નમાં પળાય એવો કાયદો...' ( મુકુલ ચોક્સી)

પ્રેમ એટ્લે ? વાયદો ? ૧૦૦ માર્કનો પૂછી શકાય એવો પ્રશ્ન એટ્લે એ કે ' પ્રેમ એટ્લે શું ? '...અને પાછું જોવાની ખૂબી એ છે કે આ સવાલનો જવાબ એકસરખો નહીં આવવાનો. યસ, પ્રેમ એટ્લે શું ? એનો જવાબ માથું ખંજવાળીને કે ગોખીને આપી શકાય એવું છે જ નહીં, ક્યુકી આ તો દિલથી દિલની વાત છે...દલડાથી દલડાની હૉટલાઈન છે પ્રેમ કે જેમાં વચ્ચે ક્યાય ક્રોસ-કનેક્શન થવાની કોઈ સંભાવના છે જ નહીં...રિંગ ડાયરેક્ટ ત્યાં જ વાગે જ્યાં નંબર ડાયલ કર્યો હોય..! હે કી નહીં ? બેક ટુ કોશચન...વોટ ઈઝ લવ ?'. નેશન વોંટ્સ ટુ ક્નો...!! વિચારક કે ચિંતક આંગળીઓને વાળમાં ફેરવીને ગંભીર ચહેરે જવાબ આલી દેવાનો કે 'પ્રેમ ને કોઈ વ્યાખ્યામાં બેસાડી શકાય એમ છે નહીં '. એક સેકન્ડ તો હા પાડી જ દેવી પડે બોસ કેમકે ચિંતકોની વાત ખોટી હોય જ નહીં અને આમ પણ આ જવાબમાં અર્ધસત્ય તો છે જ કે પ્રેમ કોઈ વ્યાખ્યામાં ફીટ ના બેસે પણ કોઈ તો વ્યાખ્યા છે જ કે હોવી જોઈએ કે જે પ્રેમ ને ડિફાઈન કરે ! પણ શું છે કે 'પોથી પઢ પઢ જગ મૂઆ, પંડિત ભયા ન કોઈ, ઢાઈ અક્ષર પ્રેમકા,પઢે સો પંડિત હોઈ' ની જેમ આમાં કોઈ ચિંતક-વિચરકોના અભિપ્રાયોની જરૂર નહીં, આ તો 'પ્રેમ માં પડે એ જાણે ' જેવો ઘાટ છે. જો કે એને પણ આ સવાલનો જવાબ શોધતા ફાંફા તો થઈ જ જાય...!

પહેલી લાઈનમાં મુકુલભાઈએ કહ્યું એમ પ્રેમ એટ્લે વાયદો ? પ્રોમિસ ? હમ્મ...આમાં થોડી લાઈટ થ્રો કરવા જેવી ખરી. પ્રેમનું બેઝિક કે પછી પ્રેમનો પાયો એકરીતે જોવા જઈએ તો વાયદો તો ખરો જ. પ્રેમ ટકે પ્રોમિસ પર...! 'તું મને ગમે છે' થી 'તું મને હજુ પણ ગમે છે' થી લઈને 'તું મને સદાયે ગમવાની / ગમવાનો ' આ પ્રોમિસના મજબૂત પાયા પર જિંદગીભરનો પ્રેમ ટકવાનો. સપ્તપદીમાં પણ હાથમાં હાથ મૂકીને મુખ્ય વાત તો એ જ છે – પ્રોમિસ, કે જેના ભરોષા પર અને જેના પગલે પગલે એક નવયુગલ જીંદગીભરના પ્રેમના સાક્ષી બનવાના હોય છે. પ્રેમ એટ્લે 'તું છે ને ' થી લઈને ' હું છુ ને' સુધીની સફર. પ્રેમ એટ્લે કોઈ છે કે જે તમારી દરકાર કરે છે....ખ્યાલ રાખે છે. કોઈ છે જે તમારો ઈંતેજાર કરે છે...કોઈ છે જે તમારા આવવાની રાહ જુએ છે...! આ ઈંતેજાર... આ દરકાર... આ ખ્યાલ એ શું છે ? એ એક પ્રકારનું પ્રોમિસ તો છે. પેલું અંગ્રેજીમાં કહે છે ને કે ' આઈ વિલ બી ધેર વિથ યુ ' આ કોઈની સાથે હોવું... પડખે રહેવું કે હોવાનો... રહેવાનો અહેસાસ હોવો એ જ તો છે પ્રોમિસ કે જે અહેસાસ આપે છે પ્રેમનો... પ્યારનો...!

આજે વેલેન્ટાઈન ડે છે ને બે દિવસ પછી વસંતપંચમી. અંગ્રેજી ઉજવણી કરો કે દેશી સરવાળે વાત તો એક જ છે - પ્રેમની..! પેઢી બદલાય એમ ઉજવણીઓ બદલાય પણ મૂળ હાર્દ તો એ જ રહેવાનો, એ થોડો બદલી શકવાના છો ? નહીં ને..? તુષાર શુક્લ ભલે ને લખે કે " દરિયાના મોજા કાંઈ રેતીને પૂછે તને ભીંજાવું ગમશે કે કેમ? એમ પૂછીને થાય નહીં પ્રેમ." પણ દિલથી દિલની ઈંક્વાયરી વગર પ્રેમ ક્યાં થવાનો ? ગુપચુપ ગુપચુપ એક દિલથી બીજા દિલ ને આંખોથી...વ્યવહારથી.... વર્તનથી...અને વાણીથી પણ જે સવાલો મોકલવામાં આવે એના જવાબો પર તો પ્રેમ થવાનો ને..! હા પછી એમાં ભલે ને આપણાં પ્રિય જગજીતબાબુએ ગાયું છે એમ ' પ્યાર કા પહેલા ખત લીખને મે વક્ત તો લગતા હૈ ' ની જેમ વાર લાગે. ' સોના જીતના તપેગા, ઉતના ચમકેગા' ની જેમ પ્રેમ પહેલી નજરનો હોય શકે... ઈન્સટંટ હોય શકે...પણ... પણ... પણ...એ પ્રેમને પરવાન તો ત્યારે જ ચડે કે જ્યારે એમાં વાયદા ભળે....વિશ્વાસ ભળે....અને ખાસ તો એકબીજાની દરકાર ભળે..!

આ દરકારવાળું છે એ એક્સ ફેક્ટર છે પ્રેમનું...! રિયલી, પ્રેમ એટ્લે આકર્ષણ કે જનૂન કે એવું બધુ તો શરૂઆતની વાત છે કે જ્યારે તાજા તાજા પ્યારકા રોગ લગા હો પણ જેવા એ આકર્ષણવાળા સ્ટેજને પાસ કરો તો લાંબા સમય સુધી પ્રેમરોગી બનવા માટે અગત્યની ક્વોલિફિકેશન જો કોઈ હોય તો એ છે એકબીજાની દરકાર રાખવી... કેર કરવી... ચિંતા કરવી... ખ્યાલ રાખવો. આમ તો આખાયે ટોપીકમાં જો કવિઓ કે શાયરોને સમાવવા જઈએ તો ગાડી અવળી લાઈને ચડી જાય, છતાં પણ પ્રેમ એટ્લે શું એને ડીકોડ કરવામાં વિવેક ટેલરની આ પંક્તિઓ મદદરૂપ થઈ શકે એમ છે કે 'શ્વાસમાં વિશ્વાસ જ્યાં ભેળો મળે એ પ્રેમ છે.' હમ્મ હરીફરીને વાત ત્યાં જ આવી કે જ્યાં વિશ્વાસ છે ત્યાં પ્રેમ છે અને વિશ્વાસ એટ્લે વચન... વાયદો... પ્રોમિસ... ભરોસો ! ઘણીવાર ઘણા સંબંધો અકાળે કે અચાનક સુકાઈ જતાં હોય છે એના બીજા કારણોમાં એક કારણ એ પણ હોય છે કે એકબીજાની દરકાર અને એકબીજા પરના ભરોષારૂપી પાણી પ્રેમના એ છોડને મળતું બંધ થઈ ગયું હોય છે. ' આઈ કેર યુ ' કે 'હી કે શી કેર મી' આ બહુ અગત્યનું છે કોઈના પ્રેમમાં હોવા માટે...કોઈને પ્રેમ થવા માટે. ઘણીવાર સાંભળ્યુ છે કે અમુક સંજોગોમાં કોઈએ એની કરેલી દરકારને લીધે એ પ્રેમસંબંધ વધુ ગાઢ અને વધુ સ્ટેબલ બન્યો હોય છે.

હવે આમાં આપણે વ્યક્તિ વ્યક્તિના સંબંધો મુજબનો પ્રેમ, સાચો પ્રેમ ને નકલી પ્રેમ...ક્ષણિક પ્રેમ...આવેગી પ્રેમ...એવા બધા ફાંટાઓમાં પડ્યા વગર અને પ્રેમના અનેકો પ્રકાર છે, પ્રેમને વ્યક્ત કરવાના અનેકો રસ્તાઓ છે અને પ્રેમના નામે વહેમ જેવી વાતોમાં પડ્યા વગર પ્રેમ એટ્લે કેર અને પ્રેમ એટ્લે વાયદો - વચન કે વિશ્વાસ એ પ્રેમના બે નક્કર પાયાઓ વિષે વાત રાખીશું. પ્રેમના નામે થતી અમુક હલકી હરકતોએ પ્રેમ નામના શબ્દની ગરિમા ચોક્કસ ઝાંખી પાડી દીધી છે છતાં પણ પ્રેમ એક એવી લાગણી છે કે જેમાં સામેના પાત્રને સુખી કરવાનું કે પોતાનાથી પણ વધુ સુખ આપવાની લાગણી સામેલ છે. અગેન સાચા ખોટા પ્રેમની વ્યાખ્યામાં પડ્યા વગર એમ કહી શકાય કે પ્રેમ ભલે કદાચ એક નજરમાં થઈ ગયો હોય પણ હકીકત એ છે કે સાચો પ્રેમ તો એક બીજાને જાણ્યા પછી, સમજ્યા પછી જ થાય છે. કેમકે સાચા પ્રેમ સાથે એક સમજણ જોડાયેલ હોય છે જેનું બીજું નામ છે વિશ્વાસ અને એનાથી પણ આગળ કહીએ તો એક બીજાની રિસ્પેક્ટ એટલે કે કદર. અને આ બધાની સાથે સાથે એક સંબંધમાં આવે છે સ્વતંત્રતા... બલિદાન... સંતોષ અને સુખ. આ બધી પ્રેમની મૂળભૂત ક્વોલિફિકેશન વિશ્વાસ અને વચનની બાય-પ્રોડક્ટ છે, પહેલા બે છે તો આ બધા છે પણ જો એ બે જ નથી તો બાકીનાની કલ્પના એક પ્રેમસંબંધમાં થઈ શકે જ નહીં. ગિફ્ટો... પ્રવાસો... ભેટો... કપડાં...ઘરેણાં... આ બધુ એક હદ સુધી પ્રેમની વ્યાખ્યામાં કે કોઈ પ્રેમસંબંધને ટકાવી રાખવામા મદદરૂપ ચોક્કસ થઈ શકે પણ સાચો પ્રેમસંબંધ એકબીજાની દરકાર...એકબીજાની ચિંતા... એકબીજાના પ્રોમિસિસ અને એકબીજાના ભરોશે જ મહોરતો હોય છે. જ્યાં એકબીજા પર વિશ્વાસ નથી... વચનો પૂરા કરવાની કોશિશ નથી... દરકાર નથી ત્યાં જે હશે તે એક ગોઠવણ હશે પણ ચોક્કસપણે પ્રેમ તો નથી જ.